### ૧૩.૩૨ કરોડની વસૂલાતની કાર્યવાહી, જિલ્લાના ઇતિહાસની સૌથી મોટી રેડ

## છોટાઉદેપુરના ખનીજ માફિયાઓ સામે તંત્રની લાલ આંખ

**"જરૂર** પડશે તો પાસા હેઠળ પણ કાર્યવાહી કરાશે" : ગાર્ગી જૈન

**રૂ. ૯.૪૫** કરોડનો દંડ અને રૂ. ૩.૮૭ કરોડનું પર્યાવરણીય વળતર વસૂલવા તંત્રની નોટિસ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.21

છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર રેતખનન કરતા ખનીજ માફિયાઓ સામે જિલ્લા વહીવટી તંત્રએ હવે કડક વલણ અપનાવ્યું છે. જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના માર્ગદર્શન હેઠળ જિલ્લા રેવન્યુ વિભાગ અને ખાણ-ખનિજ વિભાગ દ્વારા હાથ ધરાયેલી વિશેષ કાર્યવાહીમાં અંદાજે રૂ. ૧૩.૩૨ કરોડની વસૂલાતની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જિલ્લાની આ કાર્યવાહી અત્યાર સુધીની સૌથી મોટી રેડ માનવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ તા. ૮ મે ૨૦૨૬ના રોજ મોજે તેજગઢ, તા. છોટાઉદેપુર ખાતે આવેલ બે અલગ અલગ સ્ટોકયાર્ડ પર સંયુક્ત ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પઠાણ ઈમરાનખાન અબ્દુલ મજીદ અને રસિકભાઈ મોતીભાઈ રાઠવાના સ્ટોકયાર્ડમાં સાદી રેતીનો બિનઅધિકૃત જથ્થો તેમજ ગેરકાયદેસર નિકાસ થયેલ હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે બંને સામે



કુલ રૂ. ૩૧ લાખથી વધુની દંડકીય વસૂલાત માટે નોટિસ ફટકારવામાં આવી છે તેમજ બંનેના સ્ટોક રજીસ્ટ્રેશન રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સમગ્ર કામગીરીમાં પ્રાંત અધિકારી મુસ્કાન ડાગર, જિલ્લા પુરવઠા અધિકારી એન. એફ. વસાવા, નાયબ મામલતદાર રવિ પઢિયાર સહિતના અધિકારીઓ જોડાયા હતા.

તે ઉપરાંત તા. ૧૦ મે ૨૦૨૬ના રોજ સંખેડા તાલુકાના રતનપુર(ક) નજીક આવેલા ઓરસંગ નદીપટ્ટ વિસ્તારમાં ગુપ્ત તપાસ હાથ ધરવામાં આવી હતી. દરોડા દરમિયાન ગેરકાયદેસર રેતખનનમાં ઉપયોગમાં લેવાતા કુલ ત્રણ મશીનો સીઝ કરવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન મંજૂર બ્લોક-ડી વિસ્તાર સિવાય અંદાજે ૨૦ હેક્ટર સરકારી જમીનમાં ૩,૯૪,૧૦૫ મેટ્રિક ટન જેટલી સાદી રેતીનું બિનઅધિકૃત ખનન થયેલ હોવાનું સામે આવ્યું હતું. જેને આધારે અંદાજે રૂ. ૯.૪૫ કરોડનો દંડ તથા રૂ. ૩.૮૭ કરોડનું પર્યાવરણીય વળતર મળી કુલ રૂ. ૧૩.૩૨ કરોડની વસૂલાતની કાર્યવાહી હાલ ચાલી રહી છે.

આ મામલે કલેક્ટર Gargi Jainએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "જિલ્લામાં ખનીજ માફિયાઓને કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં નહીં આવે. જરૂર પડશે તો પાસા હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવશે."

જિલ્લા વહીવટી તંત્રએ વધુમાં જણાવ્યું હતું કે પર્યાવરણનું સંરક્ષણ અને નદીઓનું પુનર્જીવન તંત્રની પ્રાથમિકતા છે અને ગેરકાયદેસર ખનન સામે આવનારા સમયમાં પણ સઘન ચકાસણી અને કડક કાર્યવાહી યથાવત્ રાખવામાં આવશે.

## કરજણના ખેડૂતો માટે આશાનું નવું કિરણ: MSP પર મકાઈ ખરીદીનો પ્રારંભ

**નવાબજાર** સરકારી ગોડાઉન ખાતેથી ખરીદાશે મકાઈ

(પ્રતિનિધિ) કરજણ, તા.21

કરજણ પંથકના ખેડૂતો માટે લાંબા સમયથી પ્રતીક્ષાનો અંત આવ્યો છે. આવતીકાલથી, કરજણ પુરવઠા વિભાગ દ્વારા ટેકાના ભાવ (MSP) પર મકાઈની ખરીદીનો શુભારંભ કરવામાં આવશે, જે ખેડૂતોના ચહેરા પર રાહત અને સંતોષની લાગણી લાવશે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ખેડૂતો તેમની ઉપજ માટે યોગ્ય ભાવ મેળવવા સંઘર્ષ કરી રહ્યા હતા.

મકાઈ વેચાણ માટે નોંધણી કરાવનાર ખેડૂતોને વિભાગ



તરફથી તબક્કાવાર મેસેજ મોકલવામાં આવશે. આ મેસેજ મળ્યા બાદ, ખેડૂતો કરજણના નવાબજાર વિસ્તારમાં આવેલા સરકારી અનાજ ગોડાઉન ખાતે પોતાની મકાઈ વેચી શકશે. આ વ્યવસ્થા પારદર્શિતા અને સુગમતા સુનિશ્ચિત કરશે, જેથી ખેડૂતોને કોઈ અગવડતા ન પડે.

સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ 2400ના ટેકાના ભાવે મકાઈની ખરીદી કરવામાં આવશે. આ ભાવ ખેડૂતોને તેમની મહેનતનું યોગ્ય વળતર પૂરું પાડશે અને તેમને આર્થિક રીતે સદ્ધર બનાવવામાં મદદ કરશે. વધુમાં, નક્કી કરાયેલા ધોરણ મુજબ, પ્રતિ હેક્ટર 2811 કિલોગ્રામ સુધીની મકાઈ ખરીદવાની મર્યાદા રાખવામાં આવી છે. આ મર્યાદા નાના અને મધ્યમ કદના ખેડૂતોને પણ લાભ મળે તે સુનિશ્ચિત કરશે.

છેલ્લા કેટલાક સમયથી ખરીદી શરૂ થવાની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં આ જાહેરાતથી ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ નિર્ણય માત્ર તેમની આર્થિક સ્થિતિ સુધારવામાં મદદ કરશે એટલું જ નહીં, પરંતુ કૃષિ ક્ષેત્રમાં સરકારની પ્રતિબદ્ધતા પણ દર્શાવે છે. આશા છે કે આ પહેલ કરજણના ખેડૂતોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવશે અને તેમને વધુ સારી આવક પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

### ૨૩મીએ યોજાનાર ચૂંટણી પહેલા જ રાજકીય હિંસા

## છોટાઉદેપુર: ચૂંટણી પહેલા AAPના તાલુકા પ્રમુખ પર જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.21

છોટાઉદેપુર તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની આગામી ૨૩મી મેના રોજ યોજાનારી ચૂંટણી પહેલા જ સ્થાનિક રાજકારણ લોહિયાળ બન્યું છે. તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપ અને આમ આદમી પાર્ટી (AAP) વચ્ચે ૧૩-૧૩ બેઠકોની બરાબરી થતાં સર્જાયેલી ટાઈની સ્થિતિ વચ્ચે ગત રાત્રે આપના નેતાઓ પર જીવલેણ હુમલો થતાં સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. છોટાઉદેપુર આપના તાલુકા પ્રમુખ શ્રીકુંજ રાઠવા અને અન્ય બે ચૂંટાયેલા સદસ્યો પર અસામાજિક તત્વોએ હથિયારો સાથે હુમલો કરી ગાડીઓની તોડફોડ કરી હોવાની સનસનાટીભરી ઘટના



સામે આવી છે.

મળતી માહિતી મુજબ, આપના તાલુકા પ્રમુખ શ્રીકુંજ રાઠવા અને તાલુકા પંચાયતના અન્ય સદસ્યો છોટાઉદેપુર ખાતે સંગઠનની એક મહત્વની બેઠક પૂર્ણ કરીને રાત્રિના સમયે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન અસામાજિક તત્વોએ એક બોલેરો અને એક બ્રેઝા ગાડી લઈને તેમનો પીછો શરૂ કર્યો હતો. એકલબારા ગામ નજીક પહોંચતા જ ફિલ્મી ઢબે આગળથી બ્રેઝા ગાડી અને પાછળથી બોલેરો ગાડીએ પ્રમુખની કારને જોરદાર ટક્કર મારીને રોકી લીધી હતી.હથિયારો સાથે તૂટી પડ્યા, નેતાઓએ ભાગીને જીવ બચાવ્યોગાડી ઉભી રખાવીને અજાણ્યા અસામાજિક તત્વો ઘાતક હથિયારો સાથે ગાડી પર તૂટી પડ્યા હતા. હુમલાખોરોએ હથિયારો વડે પ્રમુખની ગાડીના કાચ તોડી નાખ્યા હતા અને વાહનને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. હથિયારો સાથે ધસી આવેલા હુમલાખોરોને જોઈને આપના તાલુકા પ્રમુખ અને સદસ્યોએ સમયસૂચકતા વાપરી ગાડીમાંથી ઉતરીને અંધારામાં ભાગવું પડ્યું હતું. સદસ્યોએ દોડીને પોતાનો જીવ બચાવ્યો હતો, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

### એસ.ટી. વિભાગે નવી બસ ફાળવી

## ડભોઈ-સારંગપુર-બોટાદ રૂટ પર દોડશે નવી બસ

(પ્રતિનિધિ) શિનોર, તા.21

વડોદરા એસ.ટી. વિભાગના ડભોઈ ડેપો દ્વારા શિનોર તાલુકા માટે શરૂ કરવામાં આવેલી ડભોઈ-સારંગપુર-બોટાદ રૂટની બસ સેવામાં હવે નવી બસ ફાળવવામાં આવતા મુસાફરોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે આ બસ સેવા ગત તા. 27 જાન્યુઆરી, 2026ના રોજ શિનોર તાલુકાના સાધલી ગામેથી શરૂ કરવામાં આવી હતી.

તે સમયે સાધલી ગ્રામ પંચાયતના તત્કાલીન સરપંચ મનીષાબેન પટેલ દ્વારા શ્રીફળ વધેરી બસને રવાના કરવામાં આવી હતી. આ બસ ડભોઈ ડેપોમાંથી દરરોજ વહેલી સવારે 4:30 કલાકે ઉપડે છે, જ્યારે સાધલીથી સવારે 5 વાગ્યે સારંગપુર જવા માટે રવાના થાય છે. બસ સાધલી, કાયાવરોહણ, પોર, વડોદરા, વાસદ, બોરસદ, તારાપુર, ધંધુકા, બરવાળા અને સારંગપુર થઈ સવારે લગભગ 11 વાગ્યે બોટાદ પહોંચે છે. ત્યારબાદ બપોરે 1:30 વાગ્યે બોટાદથી ડભોઈ પરત ફરવા માટે રવાના થાય છે.

લાંબા રૂટ પર જૂની બસ ચલાવવામાં આવતી હોવાના કારણે મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ અંગે સાધલીના રેલ એન્ડ રોડ પેસેન્જર સંસ્થાના પ્રમુખ ભૂપેન્દ્રસિંહ ગોહિલ દ્વારા વડોદરા વિભાગીય નિયામક તથા ડભોઈ ડેપો મેનેજરને લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

## KRN હીટ એક્સ્ચેન્જરને સરકાર તરફથી 182.95 કરોડનું ઈન્સેન્ટિવ

વડોદરા: નીમરાના મેન્યુફેક્ચરિંગ એકમને RIPS-2024 હેઠળ મોટી મંજૂરી, નફાકારકતા વધવાની આશા રાજસ્થાન સરકાર દ્વારા કેઆરએન હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડને તેના નીમરાના મેન્યુફેક્ચરિંગ એકમ માટે રાજસ્થાન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન સ્કીમ (RIPS-2024) હેઠળ 182.95 કરોડના ઈન્સેન્ટિવને મંજૂરી આપવામાં આવી છે. હીટ એક્સ્ચેન્જર્સ અને HVAC સોલ્યુશન્સ ક્ષેત્રની અગ્રણી કંપની ગણાતી કેઆરએન માટે આ મંજૂરી લાંબા ગાળાની ખર્ચ સ્પર્ધાત્મકતા અને નફાકારકતા વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. કંપનીની સંપૂર્ણ માલિકીની પેટાકંપની કેઆરએન HVAC પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડને આ લાભ આપવામાં આવ્યો છે.

## પાદરાના નવનિયુક્ત પ્રમુખ તરીકે દિપેશ પંચાલે સંભાળ્યો ચાર્જ

**સર્વાંગી** વિકાસ માટે ટીમભાવનાથી કામ કરીશું: પ્રમુખ દિપેશ પંચાલ

(પ્રતિનિધિ) પાદરા, તા.21

પાદરા નગર પાલિકાના નવનિયુક્ત પ્રમુખ તરીકે દિપેશ પંચાલે વિધિવત રીતે ચાર્જ સંભાળી પોતાની કામગીરીનો પ્રારંભ કર્યો હતો. પાલિકા કચેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સભ્યો, અધિકારીઓ, કાર્યકરો તેમજ સમર્થકોની ઉપસ્થિતિ વચ્ચે તેમણે પ્રમુખપદની જવાબદારી સ્વીકારી હતી.

ચાર્જ સંભાળતા દિપેશ પંચાલે પાલિકાની વિવિધ શાખાઓની કામગીરી, ચાલી રહેલા વિકાસ કામો, નાગરિક સુવિધાઓ તેમજ વહીવટી પ્રક્રિયાઓ અંગે માહિતી



મેળવી હતી. તેમણે પાલિકાના અધિકારીઓ સાથે બેઠક યોજી શહેરના પ્રાથમિક પ્રશ્નો, સફાઈ વ્યવસ્થા, પાણી પુરવઠો, માર્ગ-ગટર સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી.

આ પ્રસંગે દિપેશ પંચાલે જણાવ્યું હતું કે પાદરા નગરના સર્વાંગી વિકાસ માટે ટીમભાવના સાથે કામગીરી કરવામાં આવશે અને નાગરિકોને ઝડપી તથા પારદર્શક વહીવટ મળે તે માટે પ્રયત્નશીલ રહેશું.

## ધારાસભ્યના હસ્તે પલાસવાડા ગામે રોડ, બોર અને લાઈનના કામોના ખાતમુહૂર્ત



(પ્રતિનિધિ) ડભોઇ, તા.21

ડભોઈના પલાસવાડા અને ફરતિકુઇ ખાતે ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાના કરકમળોથી એક કરોડ ઉપરાંત રકમથી તળાવનુ બ્યુટીફિકેશનનુ ખાતમુહૂર્ત કરાયું હતું.

ડભોઈ તાલુકાના પલાસવાડા ખાતે આવેલ તળાવનુ બ્યુટીફિકેશન ૨૨,૬૩ ,૦૦૦/- અને ફરતિકુઇ તળાવ માટે ૨૨, ૬૩,૦૦૦ /- સાથે પલાસવાળા ખાતે આર સી.સી. રોડ ૩૦ લાખ, બોર ૪ લાખ પલાસવાડા ગામે પેવર બ્લોક ૩ લાખ, પાઈપલાઈનનુ કામ ૧.૫૦ લાખ, પલાસવાડા ગામે ૮,૫૦,૦૦૦/- ની સંરક્ષણ દિવાલ, પલાસવાડા ગામે વારીગૃહ મોટરપંપ સેટ ૩ લાખ અને ડ્રેનેજ લાઈન માટે ૩ લાખ એમ અંદાજે ૯૮ લાખની કામગીરી થનાર છે આ પ્રસંગે પલાસવાડાના સરપંચ દિનેશ રબારી, થુવાવી જિલ્લા પંચાયત ના સદસ્ય ભાવેશ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ અલ્પેશ શાહ સહિત સંગઠનના હોદ્દેદારો અને ગ્રામ જનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

### છોટાઉદેપુરને મળશે પાઈપ્ડ લાઈન ગેસની સુવિધા

## LPGના બદલે હવે છોટાઉદેપુરના રહેવાસીઓને મળશે PNG ગેસ

**સાંસદ** જશુભાઈ રાઠવા અને કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા સંયુક્ત જાહેરાત

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.21

હાલની વૈશ્વિક પરિસ્થિતિ અને ગેસ પુરવઠા સંબંધિત પડકારો વચ્ચે છોટાઉદેપુર જિલ્લાવાસીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. જિલ્લા વહીવટી તંત્રના સતત પ્રયાસોથી હવે છોટાઉદેપુર શહેરમાં ટૂંક સમયમાં પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) સુવિધા શરૂ થવા જઈ રહી છે. આ અંગે સાંસદ જશુભાઈ રાઠવા અને જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા સંયુક્ત



જાહેરાત કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રીના આદિવાસી વિસ્તારોના સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા તથા રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ વડોદરા ગેસ લિમિટેડ (VGL) દ્વારા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા VGL માટે જરૂરી જમીન ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવતા હવે પ્રોજેક્ટના અમલીકરણને વધુ ગતિ મળી છે.

PNG સુવિધા શરૂ થતાં શહેરના નાગરિકોને ઘરેલુ તેમજ વ્યાવસાયિક ઉપયોગ માટે સતત, સુરક્ષિત અને આધુનિક ગેસ પુરવઠો ઉપલબ્ધ થશે. હાલની પરિસ્થિતિમાં LPG ગેસ સિલિન્ડરની બુકિંગ, પુરવઠા અને વધતી મુશ્કેલીઓ વચ્ચે PNG સુવિધા જિલ્લાવાસીઓ માટે મોટી ભેટ સમાન સાબિત થશે.

ખાસ કરીને મહિલાઓ માટે આ સમાચાર ખુશી લાવનારા બની રહ્યા છે. હવે રસોડામાં સિલિન્ડર બદલવાની ઝંઝટ, બુકિંગ અને રાહ જોવાની સમસ્યામાંથી મુક્તિ મળશે. 24 કલાક સતત ગેસ પુરવઠો મળતા ઘરેલુ જીવન વધુ સરળ અને સુવિધાસભર બનશે.

### છોટાઉદેપુરમાં ડીઝલ-ગેસની ભારે અછત

## પુરવઠાની અછત દૂર નહીં કરાય તો ઉગ્ર આંદોલન થશે: આપ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.21

છોટાઉદેપુર જિલ્લામાં વર્તમાન સમયમાં ખેડૂતો ડીઝલ અને રાંધણ ગેસની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે. આ ગંભીર સમસ્યાને લઈને આમ આદમી પાર્ટી (AAP) એ આક્રમક વલણ અપનાવ્યું છે. આપના સ્થાનિક નેતા વિનુ રાઠવા અને અન્ય હોદ્દેદારોની આગેવાનીમાં આજે મોટી સંખ્યામાં કાર્યકરોએ એકઠા થઈને વહીવટી તંત્ર અને સરકાર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ અધિક કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને ખેડૂતોની સમસ્યાઓનો તાત્કાલિક નિકાલ લાવવાની માંગ કરવામાં આવી હતી.બેનરો સાથે સૂત્રોચ્ચાર અને તંત્ર પર પ્રહારોવિરોધ પ્રદર્શન દરમિયાન



'ડીઝલ માટે ખેડૂતોને હેરાન કરવાનું બંધ કરો' ના લખાણ સાથેના બેનરો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આપના નેતા વિનુ રાઠવાએ સરકાર અને સ્થાનિક અધિકારીઓને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, "સમગ્ર છોટાઉદેપુરમાં ડીઝલ અને ગેસના બાટલા માટે ભારે અછત પ્રવર્તી રહી છે. તંત્ર અને સરકાર સબ સલામતના ખોટા દાવાઓ કરી રહ્યા છે, જ્યારે વાસ્તવિકતામાં અહીંના ખેડૂત ભાઈઓ અને બહેનો ભારે હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

## પાદરા રંગ પરિવારના શ્રીમદ ભાગવત પારાયણમાં ભક્તિમય માહોલમાં યોજાયો

પાદરા : પાદરા ખાતે રંગ પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત પારાયણ મહોત્સવમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી રહ્યા છે. પારાયણના બીજા અને ત્રીજા દિવસે વિવિધ ધાર્મિક પ્રસંગો, સ્તુતિઓ અને પ્રવચનો દ્વારા સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું.

પારાયણના બીજા દિવસે સવારના સત્રનો પ્રારંભ કૃષ્ણ સ્તુતિ તથા "અમર આદેશ દત્ત બાવની"થી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પરીક્ષિત આખ્યાન તેમજ ભગવાન દ્વારકાધીશ વિદુરજીના ઘરે ભાજી આરોગવા પધાર્યા તે પ્રસંગનું હૃદયસ્પર્શી વર્ણન કરવામાં આવ્યું હતું. વિદુરજી અને તેમની પત્ની વચ્ચેનો મધુર સંવાદ સાંભળીને ઉપસ્થિત ભક્તો ભાવવિભોર બની ગયા હતા.

## ખોખર ગામે ગૌશાળા વિવાદ : મંદિરના મહંતને ગામ બહાર કરવા માગણી

**ખોખર** ગામની એકતા જાળવવા ગૌશાળાનો વિવાદાસ્પદ ઠરાવ રદ કરવા ઉઠતી માંગ

(પ્રતિનિધિ) સાવલી, તા.21

સાવલી તાલુકાના ખોખર ગામ ગામ ના મંદિર ના મુદ્દાએ સમગ્ર જિલ્લામાં ચાચા જગાવી છે તેવામાં આજરોજ મોટી સંખ્યામાં ગ્રામજનો સાવલી સેવા સદન ખાતે ભેગા થયા હતા અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યુ હતું અને માંગ કરી હતી કે ગ્રામ પંચાયત દ્વારા અગાઉ કરવામાં આવેલા ઠરાવને રદ કરવામાં આવે અને મંદિર ના મહંત ને ગામ માંથી કાઢી મૂકવામાં આવે તેવી માંગ કરી છે ગ્રામજનોના જણાવ્યા મુજબ, ગામમાં આવેલી હનુમાન મંદિર



પાસે ગૌશાળા જેવું કશું બાંધકામ નથી અને તેની પરમિશન પણ લેવામાં આવી નથી અને આ મુદ્દે છેલ્લા કેટલાક દિવસોથી અસંતોષનો માહોલ સર્જાયો છે. અગાઉ ગૌશાળામાં થયેલી તોડફોડની ઘટના બાદ ગામમાં ભારે તણાવ ઉભો થયો હતો. ત્યારબાદ ગ્રામજનો દ્વારા ગ્રામસભા યોજાઈ હતી જેમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા અને 2021/22 ની સાલમાં તત્કાલીન પંચાયત દ્વારા સર્વે નંબર 171 ગૌચરની જમીનમાં કરવામાં આવેલ ઠરાવ નો ગામના મોટા વર્ગ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. અને મંદિર ના મહારાજને ગામ છોડવા માટે અલ્ટીમેટમ આપીને આંદોલન છેડ્યું છે.

આજરોજ સાવલી સેવા સદન ખાતે મોટી સંખ્યામાં ગામલોકો, યુવાનો તેમજ વડીલો એકત્રિત થયા હતા.અને નારેબાજી કરીને ગ્રામજનોએ પ્રાંત અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે ગામની શાંતિ અને સામાજિક એકતાને જાળવવા માટે અગાઉ લેવાયેલા ઠરાવને તાત્કાલિક અસરથી રદ કરવા માંગ કરી હતી શંકર રબારી નામના ગ્રામજન દ્વારા સ્પષ્ટ શબ્દોમાં ચીમકી ઉચ્ચારી હતી કે જો તેમની માંગ પર યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### રોડની નબળી ગુણવત્તા પર તંત્રની લાલ આંખ

## RCC રોડ કામગીરી દરમિયાન જ અસંખ્ય તિરાડો પડતાં ગ્રામજનોમાં રોષ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.21

વાઘોડિયા નગર પાલિકા વિસ્તારમાં સ્ટેટનો જિલ્લા પંચાયત હસ્તક વિકાસ પથ જયઅંબે ચાર રસ્તા થી માડોધર રોડની મંગલ ધામ સોસાયટી સુધી પ્રગતિમાં છે. 3.66 કરોડના ખર્ચે RCC રોડ ને પહોળો અને વરસાદી કાંસ સાથે બનાવા જઈ રહ્યો છે.આ રોડ માત્ર 300 મીટર જેટલો એક સાઈડ બની ગયો છે. આ રોડ ઈન્દ્રપુરી પાસેથી કમલાનગર સુધી આશરે 200 મીટર માં એક ડઝન જેટલી તિરાડો પડી ગઈ છે. રોડપર હજી વાહન સુદ્ધાં પસાર થયુ નથી, તે પહેલા રોડની કામગીરી અને ગુણવત્તા સામે અનેક પ્રકારના સવાલો ઉભા થયા છે. રોડના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયાના આક્ષેપ સ્થાનિકો દ્વારા લગાવવામાં આવ્યા છે. જોકે આ રોડપર



ત્રણ દિવસ પહેલા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ મુલાકાત લીધી હતી, જેમાં રોડ પર પાણી છાંટવામાં નહીં આવતું હોવાની રજૂઆતના પગલે કોન્ટ્રાકટર અને અધિકારીને ફોનિક સૂચના આપી કામગીરીની ગુણવત્તા સાચવવા ફરમાન કર્યું હતું, જોકે સૂચનાને ધોઈ પી ગયા બાદ સતત વધુ બે દિવસ પાણી છાંટવામાં (રોડ પર ભરવામાં) નહીં આવતા સ્થાનિકો દ્વારા વિડિયો ફોટો અધિકારી અને ધારાસભ્ય સુધી પહોંચાડતા ધારાસભ્ય તાત્કાલિક જિલ્લા માર્ગ મકાન વિભાગને સ્થળ તપાસ કરવા માટેનું ફરમાન કર્યું હતું.

### લાયબ્રેરી માટે દાનમાં આપેલી જમીન પર પાકુ મકાન બાંધી દેવાયો

## ગેરકાયદે મકાન તોડી પાડવા કોર્ટનો આદેશ છતાં પંચાયત દ્વારા વિલંબ

(પ્રતિનિધિ) કરજણ , તા.21

કરજણ તાલુકાના મિયાગામમાં એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જે ન્યાયતંત્રની ગરિમા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની જવાબદારી પર ગંભીર પ્રશ્નાર્થ ઊભો કરે છે. ગામમાં સાર્વજનિક પુસ્તકાલય માટે દાનમાં મળેલી જમીન પર છેલ્લા બે દાયકાથી ગેરકાયદેસર દબાણ કરીને એક વ્યક્તિએ પાકું મકાન બાંધી માલિકી હક જમાવી લીધો છે. આશ્ચર્યજનક રીતે, કોર્ટ દ્વારા દબાણ દૂર કરવાના સ્પષ્ટ આદેશો હોવા છતાં, મિયાગામ ગ્રામ પંચાયત આ મામલે ઉદાસીનતા દાખવી રહી છે અને ન્યાયના અમલીકરણમાં અવરોધરૂપ બની રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર,



આ જમીન ઘણા સમય પૂર્વે સાર્વજનિક પુસ્તકાલયના નિર્માણ માટે દાનમાં આપવામાં આવી હતી. પરંતુ, આશરે વીસ વર્ષથી મહેન્દ્રસિંહ ભગવાનસિંહ રાણા નામના વ્યક્તિએ આ જમીન પર પાકું મકાન બાંધીને ગેરકાયદેસર કબજો જમાવી લીધો છે. આ દબાણ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, અને કોર્ટે દબાણ દૂર કરવાના સ્પષ્ટ આદેશો આપ્યા છે. તારીખ ૮/૧૦/૨૦૨૬ અને ૧૮/૧૨/૨૦૨૬ જેવા અનેક કોર્ટ ઓર્ડર દબાણ દૂર કરવા માટે જારી કરવામાં આવ્યા છે, જે દર્શાવે છે કે આ મામલો લાંબા સમયથી ન્યાયિક પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો છે અને ન્યાયતંત્ર દ્વારા દબાણકર્તા સામે સ્પષ્ટ ચુકાદો આપવામાં આવ્યો છે.

પરંતુ, કોર્ટના આદેશોનું પાલન કરાવવાની જવાબદારી જેની છે, તે મિયાગામ ગ્રામ પંચાયત આ મામલે નિષ્ક્રિય જણાઈ રહી છે. કોર્ટના વારંવારના આદેશો છતાં, પંચાયત દ્વારા દબાણ દૂર કરવા માટે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. એટલું જ નહીં, કરજણ પોલીસ પાસેથી બંદોબસ્તની માંગણી કરવા છતાં, પંચાયત દ્વારા દબાણ દૂર કરવાની પ્રક્રિયાને આગળ ધપાવવામાં આવી નથી.